# વિશ્વની પ્રાચીન સંસ્કૃતિનો ઈતિહાસ

## ❖ મેસોપોટેમિયાની સંસ્કૃતિ :-

→ મેસોપોટેમિયા ગ્રીક શબ્દ છે તેનો અર્થ 'નદીઓ વચ્ચેની ભૂમિ' થાય છે.

→ મેસોપોટેમિયાની સંસ્કૃતિ યુફ્રેટિસ અને તાઈગ્રીસ નદીઓની વચ્ચે વિકસી હતી.

→ મેસોપોટેમિયાની સંસ્કૃતિ પ્રાચીન માનવામાં આવે છે, તેનો સમયગાળો ઈ.સ.પૂ.3000થી ઈ.સ.પૂ.600 વર્ષનો ગણાય છે.

→ સુમેરિયન સંસ્કૃતિ, બેબીલિયન સંસ્કૃતિ અને અસીરિયન સંસ્કૃતિને સંયુક્તરૂપે મેસોપોટેમિયન સંસ્કૃતિ તરીકે ઓળખવામાં આવે છે.

→ મેસોપોટેમિયા સંસ્કૃતિનું પ્રમુખ શહેર સુમેર હતું. જે દક્ષિણમાં આવેલું હતું. આ ઉપરાંત બીજા ૧૨ વિકસિત શહેરો હતા. સુમેરના ઉત્તર પૂર્વી ભાગમાં બેબીલોન શહેર આવેલું હતું. અસીરિયા નદીઓની ઉત્તરે આવેલ ઉચ્ચ ભૂમિવાળો પ્રદેશ હતો.

→ ઈ.સ.પૂ. 1792થી ઈ.સ.પૂ.1750 સુધી હુમ્બુરાની બેબિલોનનો શાસક હતો, જેણે વિધિસંહિતાનું નિર્માણ કરીને શાસન ચલાવતો હતો. જે વિશ્વનો સૌ પ્રથમ કાયદાશાસ્ત્રી ગણાય છે.

→ મેસોપોટેમિયાના લોકો અનેક દેવોમાં આસ્થા ધરાવતા હતા.

→ કુંભારના ચાકડાનો સૌપ્રથમ પ્રયોગ મેસોપોટેમિયન સંસ્કૃતિની દેણ છે.

→ મેસોપોટેમિયાના લોકો પુનર્જન્મમાં વિશ્વાસ રાખતા હતા.

→ મેસોપોટેમિયાની સંસ્કૃતિ કાંસ્યયુગીન હતી.

→ મેસોપોટેમિયાનો સમાજ ત્રણ વર્ગમા વહેંચાયેલો હતો. ઉચ્ચ વર્ગમાં પુરોહિતો અને સામંતો, મધ્યવર્ગમાં વેપારીઓ, અને નિમ્નવર્ગમાં કૃષિકારોનો સમાવેશ થતો હતો.

→ મેસોપોટેમિયાના લોકો ચંદ્ર આધારિત પંચાંગનો ઉપયોગ કરતા હતા.

## ❖ ઈજિપ્તની સંસ્કૃતિ :-

→ ઈજિપ્તની સંસ્કૃતિ ઈ.સ.પૂ.3400ની આસપાસ નાઈલ નદીકિનારે વિકસી હતી.

→ વિશ્વની અતિ વિકસિત સંસ્કૃતિ હતી.

→ ઈજિપ્તને નાઈલ નદીની ભેટ ગણવામાં આવે છે.

→ ઈજિપ્તના પ્રથમ રાજવંશનો સૌપ્રથમ શાસક મેનિસ (ઈ.સ.પૂ. 3000) હતો.

→ ઈજિપ્તના પ્રાચીન શાસકો 'ફરાઓ' તરીકે ઓળખાતા હતા. ફરાઓ ઈશ્વરના પ્રતિનિધિ અને સૂર્યપૂત્ર ગણાતા હતા.

→ ઈજિપ્તવાસીઓ પુનર્જન્મમાં અને અનેક દેવોમાં વિશ્વાસ રાખતા હતા.

→ ઈજિપ્તવાસીઓ મૃતદેહને રાસાયણિક લેપ લગાવીને કફન પેટીમાં રાખીને વર્ષો સુધી સુરક્ષિત રાખતા હતા જેને આપણે **'મમી'** કહીએ છીએ.

→ ઈજિપ્તના મહાન શાસક 'ખુફૂ' એ ઈ.સ.પૂ. 2600માં ગીજા સ્થિત વિશ્વપ્રસિધ્ધ પિરામીડ બનાવ્યો હતો.

→ પિરામીડ બનાવવાનું શ્રેય ફરાઓ જોસરના વજીર ઈમહોટેપનને જાય છે.

→ રાજ્યની આવકનું મુખ્ય સાધન મહેસૂલ વેરો હતો.

GK Master 9537627593

→ ઈજિપ્તવાસીઓનો મુખ્ય દેવતા સૂર્ય હતા.

→ પ્રાચીન ઈજિપ્તમાં સૌર પંચાંગ પ્રચલિત હતું. વિશ્વમાં સૌ પ્રથમ કેલેન્ડર ઈજિપ્તમાં બનાવવામાં આવ્યું હતું.

→ પ્રાચીન ઈજિપ્તમાં સૂર્ય ઘડી અને જલ ઘડીની શોધ થઈ હતી.

→ પ્રાચીન ઈજિપ્ત સમાજ માતૃસત્તાક હતો.

→ પ્રાચીન ઈજિપ્તવાસીઓને રેખાગણિતનું જ્ઞાન હતું.

→ ઈજિપ્તના કલાકારોએ બનાવેલી 'સ્ફિક્સ'ની મૂર્તિમાં શિર મનુષ્યનું અને બાકીનું શરીર સિંહનું છે.

### ❖ ચીનની સંસ્કૃતિ :-

→ ચીનની સંસ્કૃતિ પીળી નદી(હાલમાં હોઆંગન્હો) ક્ષેત્રમાં વિકસી હતી. તેથી તે પીળી નદી ઘાટી સંસ્કૃતિ તરીકે પણ ઓળખાઈ.

→ ચીનનો પ્રથમ સમ્રાટ ફૂ–સી (ઈ.સ.પૂ. 2852 –ઈ.સ.પૂ 2537) હતો. તેના સમયમાં કાંસાના ઓજારોનું નિર્માણ, પશુપાલન, રેશમના કીડાનો ઉછેર વગેરેનો ઉદય થયો.

→ ચીનનો બીજો સમ્રાટ શેન નુંગ હતો જેણે ચીનવાસીઓને ખેતી કરવાનું શિખવ્યું.

→ ચીનના મુખ્ય પ્રાચીન રાજવંશો (1) હાસિયા વંશ ઈ.સ.પૂ. 2205થી ઈ.સ.પૂ. 1766 (2) શાંગ વંશ ઈ.સ.પૂ. 1766થી ઈ.સ.પૂ. 1122 (3) ચાઉવંશ ઈ.સ.પૂ. 1122થી ઈ.સ.પૂ. 225 (4) ચિન વંશ ઈ.સ.પૂ. 255થી ઈ.સ.પૂ.202 (5) હાન વંશ ઈ.સ.પૂ.202થી ઈ.સ 220

→ હાસિયા વંશનો સ્થાપક યૂ.સી હતો.

→ શાંગ વંશનો સ્થાપક તાંગ હતો. આ શાંગ વંશનો સમ્રાટ વૂ.પી નાસ્તિક હતો. આ વંશનો અંતિમ સમ્રાટ ચાઉ સિન હતો.

→ ચાઉ વંશનો સ્થાપક ચાઉ વૂ વાંગ હતો. આ વંશના 37 સમ્રાટોએ લગભગ 875 વર્ષ શાસન કર્યું. આ યુગમાં જ કન્ફ્યુશિયસ અને લાઓત્સે નામના બે વિચારકો થઈ ગયા.

→ ચિન વંશ પરથી પૂરા દેશનું નામ ચીન પડ્યું. આ વંશના સૌથી પ્રતાપી સમ્રાટ શી–હવાંગટી હતો. તેનો શાસનકાળ ઈ.સ.પૂ. 221થી ઈ.સ.પૂ.210 નો હતો. તેણે ઉત્તર પશ્ચિમ સીમા પર ચીનની પ્રખ્યાત દીવાલ બંધાવી.

→ હાન વંશનો સૌથી પ્રતાપી સમ્રાટ વૂ–ટી હતો. આ યુગમાં બૌધ્ધ ધર્મનો પ્રચાર થયો. આ યુગમાં જ ચીનમાં કાગળ, શાહી અને ચાની શોધ થઈ. આ વંશના શાસનકાળને ચીનનો સુવર્ણકાળ માનવામાં આવે છે.

→ દિશાસૂચક યંત્રની શોધ ચીનમાં થઈ હતી.

→ ચીનવાસીઓને સૌપ્રથમ માહિતી હતી કે વર્ષમાં 365 1/4 દિવસ હોય છે.

### ૪) ગ્રીક સંસ્કૃતિ :-

→ ગ્રીક સંસ્કૃતિને યુરોપિયન સંસ્કૃતિનું ઉદ્ગમસ્થાન ગણવામાં આવે છે.

→ આ સંસ્કૃતિ પ્રાચીન યુનાની આજુબાજુ વિકસી હતી.

→ પ્રાચીન ગ્રીક સંસ્કૃતિનો ખ્યાલ મહાકવિ હોમરના મહાકાવ્યો ઈલિયડ અને ઓડિસીથી મળી આવે છે.

→ ક્રીટની સંસ્કૃતિને પ્રાચીન યુનાનની સંસ્કૃતિની જનની ગણવામાં આવે છે. ક્રીટની રાજધાની નાસૌસ હતી.

GK Master 9537627593

→ ઈ.સ 1894માં સર આર્થર ઈવાન્સે ક્રીટમાં ખોદકામ કરતા નાસૌસમાં ક્રીટની રાજધાનીના ભગ્ન અવશેષો મળી આવ્યા.

→ યુનાનને 'હેલસ' પણ કહેવામાં આવે છે, તેથી પ્રાચીન યુનાની સંસ્કૃતિને 'હેલનિક સંસ્કૃતિ' પણ કહેવામાં આવે છે.

→ ટ્રોજન યુધ્ધ જેની કથા હોમરે તેના મહાકાવ્યોમાં કરી છે તે ઈ.સ.પૂ. 12મી સદીમાં ગ્રીસવાસીઓ અને એકિયાઈ લોકો વચ્ચે લડાઈ હતી.

→ ક્રીટ, સ્પાર્ટા અને એથેન્સ મહત્વના રાજ્યો હતા.

→ ઈ.સ.પૂ.500 સુધીમાં સ્પાર્ટા અને એથેન્સ બે મોટા નગરો સ્થાપિત થઈ ચૂક્યા હતા.

→ ઈ.સ.પૂ. 600માં એથેન્સમાં ગણતાંત્રિક શાસન વ્યવસ્થા સફળ બની હતી.

→ સ્પાર્ટાની શાસનવ્યવસ્થા ઉમરાવ અને કુલીન લોકોના હાથમાં હતી.

→ પરિક્લિસ (ઈ.સ.પૂ.469થી ઈ.સ.પૂ.429)ના શાસનકાળને ગ્રીક સંસ્કૃતિના સુવર્ણકાળ ગણવામાં આવે છે.

→ સોક્રેટિસ, પ્લેટો અને એરિસ્ટોટલ પ્રાચીન ગ્રીસના દાર્શનિકો હતા. એરિસ્ટોટલ સિંકદરનો ગુરુ હતો.

→ સિંકદરે ઈ.સ.પૂ.326માં ઝેલમ નદી પાર કરીને પંજાબના રાજા પોરસને હરાવીને ભારત પર આક્રમણ કર્યુ હતું.

→ ઈસ્કિલસ, સોફોક્લિસ અને યુરીપીડિઝ કરુણાંત નાટકો અને એરિસ્ટોફાનિસ હાસ્ય નાટકના રચયિતા હતા.

→ ચિકિત્સાજગતમાં હિપોક્રિટસ નોંધપાત્ર વૈજ્ઞાનિક હતો.

→ હેરોડોટ્સ અને ટ્યૂસીહાઈદીઝ મહત્વના ઈતિહાસકારો હતા. હેરોડોટ્સને ઈતિહાસના પિતા ગણવામાં આવે છે.

→ એથેન્સ વિદ્યાનું ધામ હતું.

→ ગ્રીકવાસીઓનું મુખ્ય ધાર્મિક કેન્દ્ર ડોલ્ફી અપોલોમાં આવેલું હતું.

→ પ્રાચીન ઓલિમ્પિક રમતોત્સવ શરૂ કરવાનું શ્રેય એથેન્સવાસીઓને જાય છે.

### ૫) રોમની સંસ્કૃતિ :-

→ રોમની સંસ્કૃતિ ગ્રીક સંસ્કૃતિથી પ્રભાવિત હતી.

→ રોમન સંસ્કૃતિનું કેન્દ્ર રોમ નગર હતું જે ઈટાલીમાં આવેલું છે.

→ ગ્રીક સંસ્કૃતિને દૂર દૂર સુધી ફેલાવાનું કામ રોમન સંસ્કૃતિએ કર્યુ.

→ રોમ નગર ટાઈબર નદીના મુખ્ય પ્રદેશથી ૧૫ માઈલ દૂર એક પહાડી પર આવેલું હતું, કાલાન્તરે નજીકની અન્ય છ પહાડીઓ પર તેનો ફેલાવો થતા રોમ 'સાત પહાડીઓનું નગર' તરીકે ઓળખાવા લાગ્યું.

→ ઈ.સ.પૂ.600માં રોમમાં ગણતંત્રની સ્થાપના થઈ ચૂકી હતી.

→ ઈટાલીમાં એક ઉન્નત સંસ્કૃતિ વિકસિત કરવાનું શ્રેય એટ્રસ્કન નામની અનાર્ય જાતિને જાય છે.

→ ખ્રિસ્તી ધર્મનો પ્રચાર રોમન સંસ્કૃતિની દેન છે.

→ રોમન સંસ્કૃતિની રાષ્ટ્રભાષા લેટિન હતી જે અંગ્રેજી, ફ્રેન્ચ અને ઈટાલિયન ભાષાની જનની છે.

→ રોમ નગરની સ્થાપના રીમસ અને રોમ્યુલસ નામના બે ભાઈઓએ લગભગ ઈ.સ.પૂ.753માં કરી હતી.

GK Master 9537627593

→ રોમન શાસક ઓગસ્ટસ સીઝર (ઈ.સ.પૂ. 31થી ઈ.સ 14)નો શાસનકાળ રોમન સંસ્કૃતિનો સુવર્ણકાળ ગણાય છે.

→ રોમન કવિ વર્જિલે 'ઈનિડ' નામે લેટિન ભાષામાં મહાકાવ્ય રચ્યું

→ પશ્ચિમી રોમન સામ્રાજ્યની રાજધાની રોમ અને પૂર્વી રોમન સામ્રાજ્યની રાજધાની કુસ્તુનતુનિયા (કોન્સ્ટેન્ટિનોપલ) હતું.

→ બાઈઝેન્ટિયમ કલા અને વિદ્યાનું ધામ હતું.

→ આધુનિક હોસ્પિટલોનું સંગઠન રોમન સંસ્કૃતિની દેણ છે.

GK Master 95376 27593